# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (દ્વારા સ્થાપિત ૨૦૧૫/૨૪.ગુજરાત એક્ટ નં)
# Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/પ્રવેશ/૨૦૧૮/૧૭૩૭૪

તા. ૨૯/૦૭/૨૦૧૮

પરિપત્ર-૫૮૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૬/૦૭/૨૦૧૮ ના રોજ ધોરણ- ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭-૨૦૧૮ ની પુરક પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી કાર્યક્ષેત્રના પાંચ જીલ્લાઓ (પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર અને વડોદરા) માંથી ધોરણ- ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષામાં પાસ થયેલ વિધાર્થીઓ બી.એસસી., બી.કોમ., બી.એ., બી.સી.એ., બી.એસ.ડબ્લ્યુ તથા બી.બી.એ. અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત ન રહે તે માટે વિદ્યાર્થીઓના હિતમાં માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણીજ્ય થતા વિનયન વિધાશાખાની તમામ કોલજોમાં તા.૩૦/૦૭/૨૦૧૮ થી તા.૦૩/૦૮/૨૦૧૮ સુધી ફક્ત પુરક પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. આથી પ્રવેશ ઈચ્છુક સંબંધિત વિધાર્થીઓએ જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે કોલેજનો ઉપર્યુક્ત તારીખ દરમિયાન રૂબરૂ સંપર્ક કરી પ્રવેશ ફોર્મ મેળવી જમા કરાવવાના રહેશે તેમજ કોલેજો દ્વારા આ અંગેનું મેરીટ તા.૦૪/૦૮/૨૦૧૮ નાં રોજ પ્રસિધ્ધ કરી તા.૦૪/૦૮/૨૦૧૮ થી તા.૦૮/૦૮/૨૦૧૭ સુધીમાં સીટોની ઉપલબ્ધતાના આધારે મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે તેમજ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં જરૂરી ફી ભરી પોતાનો પ્રવેશ નિશ્ચિત કરાવવાનો રહેશે. જેની સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓએ તથા સંબંધિત વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂ.
- આ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી., બી.કોમ., બી.એ., બી.સી.એ., બી.એસ.ડબ્લ્યુ તથા બી.બી.એ. અભ્યાસક્રમ ચલાવતી તમામ કૉલેજના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના:

- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.